## –: જાહેરનામું :–

**ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક :જી/DCP/Crime/મોબાઈલ ફોન/જાહેરનામું/ ૧૭૦ /૨૨,
નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમની કચેરી,
વડોદરા શહેર. તા.૧૮ /૧/૨૦૨૦૨

**હુકમઃ–**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભુતકાળમાં અમદાવાદ શહેર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ વડોદરામાંથી પણ બોમ્બ બ્લાસ્ટનાં આરોપીઓ પકડાયેલ હતા તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુન ગોળીબાર અને સ્ફોટક પ્રદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડનો ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલ્કતને નુકશાન પહોચાડી ગુન્હાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તેમજ તાજેતરમાં મિલ્કત સંબંધી તેમજ શરીર સંબંધી શોધાયેલ ગુન્હાઓમાં પણ ગુન્હેગારો મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકિંગ કરી ગુન્હાના મુળ સુધી પહોચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સા ઓમાં મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, આ મોબાઈલ ફોન કોઈ અજાણ્યા વ્યકિત પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ કે ચોરાયેલ હોવાની માહીતી હોતી નથી. આમ આ પ્રકારની તપાસમાં આવતી વિજ્ઞતાઓના કારણે જયારે જુના મોબાઈલ લેતાં કે વેચતા વખતે મોબાઈલ વેચનાર તથા મોબાઈલ ખરીદનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની હકિકત નોધણી થાય તે સલામતીની દ્રષ્ટીએ અત્યંત આવશ્યક છે.

જેથી હું ડો. શમશેર સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં જુના મોબાઈલ લે–વેચ કરનાર વેપારી એ મોબાઈલ લે–વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહીતના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે. અને રજીસ્ટરોનો ડેટા ઓછામાં ઓછો એક વર્ષ સુધી વ્યવસ્થીત સાચવી રાખવાનો રહેશે, અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રીની માંગણી કરે ત્યારે બતાવવાનુ રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અનું | મોબાઈલની વિગત/ કંપની | IMEI NO | મોબાઈલ વેચનારનું નામ સરનામાની વિગત | ID પ્રૂફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અનું | મોબાઈલની વિગત/ કંપની | IMEI NO | મોબાઈલ ખરીદનારનું નામ સરનામાની વિગત | ID પ્રૂફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

(પાછળ)